જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૩/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૮૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૦૪	૨	૧૧૩૦૬	૧૭૪૨૪	૨	૧૭૪૨૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪3,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૧૨૪	૧	૨૯૧૨૫	૩૦૪૮3	૫	૩૦૪૮૮
કુલ		૪૫૨૦૦	3	૪૫૨૦3	૫૪૪૧૧	૭	૫૪૪૧૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૬	૭,૯૩,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૬૮	૪,૬૮,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઘાટલોડીયા પોલીસ સ્ટેશન (૧)

ચોરીના ટી.વી.એસ જ્યુપીટર સાથે આરોપીઓને પોકેટ કોપની મદદથી પકડી પાડતી ઘાટલોડીયા પોલીસ

પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા મ્હે.સંયુક્ત પો.કમિ.શ્રી, સેકટર-૧ રાજેન્દ્ર અસારી સાહેબ તથા ના,પો.કમિ.શ્રી, ઝોન-૧ શ્રી રવિન્દ્ર પટેલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, "એ" ડીવીઝન શ્રી એમ.એ.પટેલ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા મિલ્કત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ બનેલ ગુન્હાઓ શોધી કાઢવા જરુરી સુચના તેમજ માર્ગદર્શન આપેલ હોય. જે અનુસંધાને ઘાટલોડીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વાય.આર.વાઘેલા સાહેબના માર્ગદર્શન હેઠળ ઘાટલોડીયા પો.સ્ટે ના સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ પી.આર.ગામીત સાહેબ નાઓ સર્વેલન્સ સ્કોડ ના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.દરમ્યાન સર્વેલન્સ સ્ક્વોર્ડના અ.પો.કો. લાભુભાઇ ગાંડાભાઇ બ નં ૯૯૨૧ નાઓને મળેલ બાતમી આધારે પકડી પાડી (૧) ઘાટ્લોડીયા પો.સ્ટે. એ-ગુ.ર.નં ૧૧૧૯૧૦૪૪૨૦૧૦૧૯/૨૦૨૦ ઇ.પી.કો કલમ- ૩૭૯ મુજબ ના ગુન્હાના કામે ચોરીમાં ગયેલા ટી.વી.એસ જ્યુપીટર ને શોધી કાઢી ઘાટલોડીયા પોલીસે પ્રશંસનીય કામગીરી કરેલ છે.

આરોપી :-

(૧) મનોજ સ/ઓ દેવીલાલ ભોલુજી જાતે બોહરા ઉ.વ-૩૦ ધંધો-ગેરેજકામ રહેવાસી- મ.નં-બી/૮૮, ગેટ નં-૩, સંજયનગર, પ્રકાશ કિરાણાવાળાની ગલીમા, ટેલીફોન એક્ષચેંજ પાસે નારણપુરા અમદાવાદ શહેર મુળ વતન-ગામ પુષ્કર તા-અજમેર જી-અજમેર રાજસ્થાન
(૨) રાજ સ/ઓ અતુલભાઇ રતીલાલભાઇ જાતે સગર ઉ વ ૧૮ (જન્મ તા-૨૮/૧૨/૨૦૦૨) ધંધો-નોકરી રહેવાસી- ડી/૨૪ સુદર્શન ફ્લેટ સાઇબાબા મંદીર પાસે ઘાટલોડીયા અમદાવાદ શહેર
(૩) મિત સ/ઓ અશ્વીનકુમાર પ્રેમજીભાઇ મિસ્ત્રી ઉ.વ-૨૩ ધંધો-નોકરી રહેવાસી- મ.નં-૨૩૮, સેક્ટર-૬, જૈન દેરાસરની બાજુમા, ચાણક્યપુરી,અમદાવાદ શહેર

કબ્જે કરેલ મુદ્દામાલ :-

આરોપી પાસેથી એક જ્યુપિટર ટુ-વ્હિલર કાળા કલરનુ તેની આગળની નંબર પ્લેટ ઉપર જોતા જેનો RTO NO-GJ-01-BJ-6005 નંબરનો લખેલ વંચાયેલ તથા પાછળની નંબર પ્લેટ જણાઇ આવેલ નહિ સદર જ્યુપિટરની કિમંત રૂ.૩૦૦૦૦/- ની મતાની ગણી શકાય
કબ્જે લીધેલ મુદ્દામાલની કિંમત રૂ. ૩૦,૦૦૦/- ગણી શકાય

કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ :-

પોલીસ સબ ઇન્સપેકટર શ્રી પી.આર.ગામીત તથા અ.પો.કો પો.કો. લાભુભાઇ ગાંડાભાઇ બ.નં.૯૯૨૧ તથા અનાર્મ પો.કો લાલાભાઇ ભીખાભાઇ બ.નં-૩૩૨૦ તથા અ.લો.૨ ગંગારામભાઈ રૂપસીભાઈ બ.નં-૧૨૦૨૧ તથા અ.લો.૨ સંજયભાઈ નાનુભાઈ બ.નં-૬૧૧૮



ઘાટલોડીયા પોલીસ સ્ટેશન (૨)

ચોરીના હોન્ડા એક્ટીવા સાથે આરોપીને પોકેટ કોપની મદદથી પકડી પાડતી ઘાટલોડીયા પોલીસ

પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા મ્હે.સંયુક્ત પો.કમિ.શ્રી, સેકટર-૧ રાજેન્દ્ર અસારી સાહેબ તથા ના,પો.કમિ.શ્રી, ઝોન-૧ શ્રી રવિન્દ્ર પટેલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, "એ" ડીવીઝન શ્રી એમ.એ.પટેલ સાહેબ તથા નાઓએ અમદાવાદ શહેરમા મિલ્કત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ બનેલ ગુન્હાઓ શોધી કાઢવા જરુરી સુચના તેમજ માર્ગદર્શન આપેલ હોય. જે અનુસંધાને ઘાટલોડીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વાય.આર.વાઘેલા સાહેબના માર્ગદર્શન હેઠળ તા.૧૧/૦૩/૨૦૨૧ ના રોજ ઘાટલોડીયા પો.સ્ટે ના સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ પી.આર.ગામીત સાહેબ નાઓ સર્વેલન્સ સ્કોડ ના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.દરમ્યાન સર્વેલન્સ સ્ક્વોર્ડના અ.લો.૨ સંજયભાઈ નાનુભાઈ બ.નં-૬૧૧૮ નાઓને મળેલ બાતમી આધારે પકડી પાડી (૧) ઘાટ્લોડીયા પો.સ્ટે. એ-ગુ.૨.નં ૧૧૧૯૧૦૪૪૨૧૦૧૦૧/૨૦૨૧ ઇ.પી.કો કલમ- ૩૭૯ મુજબ ના ગુન્હાના કામે ચોરીમાં ગયેલા એક્ટીવા હોન્ડા ને શોધી કાઢી ઘાટલોડીયા પોલીસે પ્રશંસનીય કામગીરી કરેલ છે.

આરોપી :

નિલેશ જયંતીલાલ વઢવાણા ઉ.વ ૪૧ રહે- મ.નં ૧૩/બી ન્યુ મંગલદીપ કોમપ્લેક્ષ અમન-આકાશ પાર્ટી પ્લોટની પાસે વસ્ત્રાપુર રેલ્વે સ્ટેશન રોડ જીવરાજ પાર્ક અમદાવાદ શહેર મુળ- મારફતીયાનુ ડેલુ , દિવ્યજ્યોત હાઇસ્કુલની પાસે વિરમગામ તા- વિરમગામ જીલ્લો અમદાવાદ

કબ્જે કરેલ મુદ્દામાલ :

આરોપી પાસેથી એક હોન્ડા એકટીવા તેની આગળની નંબર પ્લેટ ઉપર જોતા -GJ-01-JV-6568નો આર.ટી.ઓ. નંબરનો લખે.લ વંચાયેલ હોય તેમ જ પાછળની નંબર પ્લેટ અર્ધ તુટેલ હાલતમાં છે જે હોન્ડા એકટીવા વાદળી કલરનું છે જેનો ચેચીસ નંબર-ME4JF505 DGU095476 તથા એન્જીન નંબર–JF50EU3095536 જેવો વંચાય છે સદર હોન્ડા એક્ટીવા ની કિ રૂ.૧૦,૦૦૦/- ગણી શકાય કબ્જે લીધેલ મુદ્દામાલની કિંમત રૂ. ૧૦,૦૦૦/- ગણી શકાય

આરોપીનો ગુન્હાહિત ઇતીહાસ :

(૧) સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફસ્ટ ગુ.ર.નં-૯૪ /૨૦૧૮ ધી ઇ.પી.કો.- કલમ ૩૭૯, મુજબ
(૨) આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફસ્ટ ગુ.ર.નં ૮૨/૨૦૧૮ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબ

કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ :-

ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વાય.આર.વાઘેલા તથા પોલીસ સબ ઇન્સપેકટર શ્રી પી.આર.ગામીત તથા અ.હે.કો અમીતકુમાર ગણેશભાઈ બ.ન-૪૫૯૬ તથા અ.લો.ર ગંગારામભાઈ રૂપસીભાઈ બ.નં-૧૨૦૨૧ તથા અ.લો.ર સંજયભાઈ નાનુભાઈ બ.નં-૬૧૧૮



મોબાઈલ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

શાહપુર પોલીસ સ્ટેશન

મોબાઇલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી સર્વેલન્સ સ્કોડ ટીમ શાહપુર પોલીસ સ્ટેશન

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મિલકત સબંધી ગુના રોકવા તેમજ બનેલ ગુનાઓ પોકેટકોપ મોબાઇલ, CCTV કેમેરાના માધ્યમથી તથા CDR એનાલીસીસ કરી શોધવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી શાહપુર પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. શ્રી એસ.આર.બલાત તથા પો.કો. જીતેશકુમાર રમેશભાઈ બ.નં.૬૫૦૩ તથા પો.કો. જયેશભાઈ જયરામભાઈ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે નગીના પોળની પાસેથી ચોરીના સેમસંગ મોબાઇલ ફોન સાથે આરોપી મહિલા સમીમબાનુ વા/ઓ આમીન ઉસ્માનભાઈ શેખ ઉ.વ.૩૫ ધંધો.ઘરકામ રહે.સી/૧૧, મીરા રો-હાઉસ, આર.સી.સી. રોડ, ફતેહવાડી કેનાલ, સરખેજ, અમદાવાદ શહેર નાઓને મહીલા પોલીસની મદદથી પકડી પાડી શાહપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૩૨૦૦૯૬૪/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુન્હામા ચોરીમા ગયેલ એક સેમસંગ કંપનીનો એ.૧૦ મોડલનો ગોલ્ડન કલરનો મો.ફોન કિ.૪૦૦૦/- નો મુદ્દામાલ રીકવર કરી તપાસના કામે કબ્જે કરી આરોપી મહિલા વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરી વણ શોધાયેલ ગુન્હો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૧૫/૦૩/૨૦૨૧

સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :

(૧) પો.સ.ઈ. શ્રી એસ.આર.બલાત (૨) HC જાવેદખાન અખ્તરખાન બ.નં.૯૬૬૮ (૩) PC જીતેશકુમાર રમેશભાઈ બ.નં.૬૫૦૩(૪) PC જયેશભાઈ જયરામભાઈ બ.નં.૯૬૧૯ (૫) PC પ્રીયવદન મનુભાઈ બ.નં.૬૪૮૪ (૬) PC અક્ષયકુમાર દશરથલાલ બ.નં.૧૨૮૫૬ (૭) PC ગીરીશકુમાર પુંજાલાલ બ.નં.૯૩૯૩ (૮) PC જીગ્નેશ ભવાનભાઈ બ.નં.૬૩૯ (૯) PC ઇશ્વરભાઇ માલસુરભાઈ બ.નં.૧૧૯૫૨

પરત મળેલ મુદામાલ:

એક સેમસંગ કંપનીનો એ-૧૦ મોબાઇલ ફોન જેની આશરે કિંમત રૂપિયા ૪,૦૦૦/-ની ગણાય

પકડાયેલ મહિલા આરોપી:

સમીમબાનુ વા/ઓ આમીન ઉસ્માનભાઈ શેખ ઉ.વ.૩૫ ધંધો.ઘરકામ રહે. સી/૧૧, મીરા રો-હાઉસ, આર.સી.સી. રોડ, ફતેહવાડી કેનાલ, સરખેજ, અમદાવાદ શહેર



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૮૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૨૭૫ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૦૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૮૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૪૮૪/૨૦૨૧**

કારંજઃ જ્યોત્સનાબહેન વા/ઓ રમેશભાઇ પટેલ (ઉ.વ.૫૫) (રહે. સમરથનગર એરપોર્ટ રોડ આંબાવાડી પાસે સરદાનગર) એ તા.૧૫/૦૩/૨૦૨૧ ના રોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૨/૨૦૨૦ થી તા.૦૧/૦૧/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અર્જુનભાઇ રાજકુમાર સીંધી (રહે. સમરતનગર સરદારનગર) અને રીક્ષા ડ્રાઇવર અર્જુનભાઇના મીત્ર (૨) લક્ષ્મણ ઉર્ફે લસ્સુ રમેશભાઇ શર્મા (ભુવાજી) (પુરા સરનામાની ખબર નથી) એ ભેગા મળી જયોત્સના બહેનને ઘરનો ઘરકંકાસ તથા તકલીફો દુર કરવાનુ જણાવી વિધીના બહાને સરદારનગર, મોટેરા કોટેશ્વર મહાદેવ મંદીર, લાલદરવાજા ભદ્રકાળી માતાજી મંદીર ખાતે અલગ-અલગ તારીખે અલગ-અલગ જગ્યાએ બોલાવી રોકડ રૂપિયા ૧૦,૪૦૦/- મેળવી લઈ જયોત્સનાબહેનને કેફી પદાર્થ સુંધાડી બે ભાન કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૬૭,૦૦૦/- કઢાવી લઇ નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.ઠાકોર ચલાવે છે.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૪૮૫/૨૦૨૧**

સરદારનગરઃ મનોહરલાલ કિપાલદાસ માખીજા (રહે. આશારામ પાર્ક સોસાયટી નોબલનગર સરદારનગર) એ તા.૧૫/૦૩/૨૦૨૧ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૩/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૧૩/૦૩/૨૦૨૧ સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન નોબલનગર ગ્રીન ગેસ્ટ હાઉસ નીચે સંસ્કાર ટ્રેડસ નામની દુકાનના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૧,૦૦,૩૦૦/- તથા દુકાનમાં લગાવેલ સી.સી.ટી.વી કેમેરાનુ ડીવીઆર ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

વસ્ત્રાપુરઃ નેહાબહેન રવીભાઇ મહેતા (રહે. શાકુંતલ એપાર્ટમેન્ટ સારથી રો-હાઉસ સામે વૈભવલક્ષ્મી મંદીરની બાજુમાં વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૩/૨૦૨૧ બપોરના ૧/૩૦ થી ૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના તેમજ ચાંદીના સીક્કા અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૫,૯૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.રાજપુત ચલાવે છે.

કાગડાપીઠઃ રોહિત રામૈયા અંજનય અપ્પા સોમા રહે. ધ.ર.નં.૧૦૮ પહેલો માળ બ્લોક-બી, શિવાલય રેસીડન્સી ભુલાભાઇ પાર્ક કાંકરીયા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૩/૨૦૨૧ સવારના ૧૧/૦૦ થી સાજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના તેમજ ચાંદીના સીક્કા અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૨,૭૫૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

ચોરીઃ- સમાચાર યાદી નં.૪૮૬/૨૦૨૧

વેજલપુરઃ તેજેન્દ્રભાઇ સુર્યકાંતભાઇ પટેલ (રહે. કોમલ એન્કલેવ શાંતિવન એરીયા પાલડી) તા.૧૫/૦૩/૨૦૨૧ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૩/૨૦૨૧ સાજના ૭/૩૦ થી તા.૧૨/૦૩/૨૦૨૧ કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન એ.પી.એમ.સી.માર્કેટમાં આવેલ દુકાન નં.૧૫, દુકાન નં.૧૨, દુકાન નં.૧૬, દુકાન નં.૧૩ તથા દુકાન નં.૧૧ પાછળના ભાગે લગાવેલ એ.સી.ના આઉટડોર કંમ્પ્રેસર નંગ-૫ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ રામજીભાઇ ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૪૮૭/૨૦૨૧

મણીનગરઃ રેનાબહેન કલ્પેશકુમાર ગોહેલ (ઉ.વ.૪૫) (રહે.ક્રીષ્ણા બંગ્લો શક્તિ ટેનામેન્ટ સામે ઇસનપુર ગામ ઇસનપુર) તા.૧૩/૦૩/૨૦૨૧ સાજના ૫/૧૦ વાગ્યાના સુમારે મણીનગર વસંતનગર રાજ ઇલેક્ટ્રોનીક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ રેનાબહેનના ગળામાથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રેનાબહેન ગોહેલે તા.૧૫/૦૩/૨૦૨૧ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

વાહન ચોરીઃ- **સમાચાર યાદી નં.૪૮૮/૨૦૨૧**

રાણીપઃ હર્ષિલભાઇ બિપીનભાઇ પટેલ (રહે. લકી એપાર્ટમેન્ટ શિલ્પ પાર્ક સોસાયટીની અંદર ઉસ્માનપુરા નારણપુરા) એ તા.૧૪/૦૩/૨૦૨૧ સાજના ૭/૩૦ વાગે સુભાષબ્રીજ પાસે આવેલ ગંગા રચના કોમ્પ્લેક્ષ બહાર પાર્કીંગમાં પોતાની બ્રેઝા કાર નંબર જીજે ૦૧ એચવી ૯૧૫૧ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતના ૮/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ હર્ષિલભાઇ પટેલે રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ભાવિનભાઇ મનસુખભાઇ ચલાવે છે.

ત્યજી દીધેલ શિશુ મળી આવવા બાબતઃ- **સમાચાર યાદી નં.૪૮૯/૨૦૨૧**

સરદારનગરઃ તા.૧૫/૦૩/૨૦૨૧ કલાક ૯/૦૦ વાગ્યા પહેલા કુબેરનગર આઈ.ટી.આઈ.પાસે રસ્તાની બાજુમાંથી તાજી જન્મેલ શિશુ (બાળકી) ત્યજી દીધેલ જીવીત હાલતમાં મળી આવતા સરદારનગર પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.દરજી ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૪૯૦/૨૦૨૧**

"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ **અશોકભાઈ કાનજીભાઈ ઠક્કર** (ઉ.વ.૫૪) (રહે.ઝાલા પગીવાસ મકરબા સરખેજ) તા.૧૫/૦૩/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક રિક્ષામાં બેસેલ હતા ત્યારે ટ્રક નંબર જીજે ૦૨ ઝેડ ૮૨૨૬ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી રિક્ષાને ટક્કર મારતા અશોકભાઈ રિક્ષામાંથી પડી ગયા હતા અને ટ્રકનુ પાછળનુ પૈડુ તેમની ઉપર ફરી વળતા ગંભીર ઈજાઓ થતા તેમનુ સ્થળ પર જ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ જયોત્સનાબહેન કાનજીભાઈ ઠક્કરે "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.એન.પરમાર ચલાવે છે.

બારમા માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૪૯૧/૨૦૨૧**

ચાંદખેડાઃ સુષ્મીતા ડો/ઓ પ્રસાદ નાયર (ઉ.વ.૨૦) (રહે. તીવોલી ગોધરેજ ગાર્ડન સીટી જગતપુર) તા.૧૫/૦૩/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા ગોદરેજ ગાર્ડન સીટી તીવોલીના એ બ્લોકના બારમા માળની લોબી માથી નીચે પડી જતા માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૪૯૨/૨૦૨૧**

સાબરમતીઃ સાબરમતી ત્રાગડ રોડ ઉપર આવેલ સિધ્ધાર્થ લકુડી એમ સાઇટ ઉપર મજુરી કામ કરતા અને ત્યા જ રહેતા રિજવાન અબ્દુલ કયુમ (ઉ.વ.૨૦) (મુળ વતન. ગામ રૂચ્છી જી-ચેન કબીરનગર ઉતરપ્રદેશ) તા.૧૨/૦૩/૨૦૨૧ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે સાઈટ ઉપર મજુરી કામ કરતા હતા ત્યારે મશીનનાં કામ કરતાં ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૩/૨૦૨૧ કલાક ૧૦/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બળવંતભાઇ પોપટભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૯૩/૨૦૨૧**

વાસણાઃ નરેશભાઇ જગદીશપ્રસાદ શર્મા (ઉ.વ.૬૫) (રહે. યશકમલ સોસાયટી જીવરાજ મહેતા હોસ્પીટલ સામે વાસણા) એ છેલ્લા દસેક વર્ષથી બિમારીથી કંટાળી તા.૧૫/૦૩/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ગુલાબસિહ સવજીભાઇ ચલાવે છે.

શાહીબાગઃ ઇન્દ્રચંદ જીવરાજ કેડિયા (ઉ.વ.૫૮) (રહે. લતાકુંજ એપારમેન્ટ ગિરધરનગરબ્રિજ પાસે ગીરધરનગર શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૩/૨૦૨૧ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકની અગાસી ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રદિપસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી